# સુરત મહાનગરપાલિકા
## સુરત
## : જાહેર નોટીસ :

હું એમ. થેન્નારસન (IAS) મ્યુનિસીપલ કમિશનર, સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન, સુરત અમોને ધ.જી.પી.એમસી. એક્ટ 1949 હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે આથી સંબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જણાવું છું કે,

સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન વિસ્તારમાં શહેરના નાગરિકોના આરોગ્યની સુખાકારી થતા તંદુરસ્ત વાતાવરણ મળી રહે તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ 2016 અંતર્ગત તથા પ્લાસ્ટિક કચરાનું નિયંત્રણ કરવા સરકારશ્રીના સંપુર્ણ સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક બનાવવાના હેતુસર સુરત શહેરમાં જાહેર રસ્તા, રહેણાંક વિસ્તારો, વાણિજ્ય એકમો તથા ખાણીપીણી / ચા / કોફી / કોલ્ડ્રીંક્સ વિગેરેની લારીઓ / દુકાનો તથા અન્ય એકમો તેમજ લગ્ન / પાર્ટી કે અન્ય શુભ પ્રસંગોએ આયોજીત ભોજન સમારંભમાં આયોજકો વિગેરે દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નિયત સ્ટાન્ડર્ડ મુજબમાં ન હોય તેવા હલકી ગુણવતાના પાતળા પ્લાસ્ટિકના કપ તથા પાતળી પ્લાસ્ટિક થેલીઓ, પાન / મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પ્લાસ્ટિકના રેપર્સ, જોખમકારક હોઈ તેમજ આ હલકી ગુણવત્તના પાતળા પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ (પાણીના પાઉચ સહિત), પ્લાસ્ટિકની થેલીઓ, પાન / મસાલાના પેકીંગ વેસ્ટેજનો યોગ્ય નિકાલ ન થવાથી વરસાદી ગટરોની કેચપીટોમાં એકત્રિત થવાને લીધે પાણીનું યોગ્ય વહન ન થવાને લીધે પાણીનો ભરાવો થાય છે તેમજ વરસાદી ગટરો તેમજ ડ્રેનેજની સુઅર લાઈન પણ ચોકઅપ થાય છે. જેથી પ્લાસ્ટિકના કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ (પાણી પાઉચ સહિત), પ્લાસ્ટિક થેલીઓ, પાન / મસાલાના પ્લાસ્ટિકના પેકીંગ ઉત્પાદન, સંગ્રહ, વાપરવા તથા વેચાણ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેર નોટીસનું ઉલ્લંઘન કરનાર સામે ધ.જી.પી.એમ.સી. એક્ટ-1949 ની કલમ 376/A હેઠળ તેમજ અન્ય જોગવાઈ હેઠળ પગલાં લેવામાં આવશે અને જરૂરી જણાયે C.R.P.C. ની કલમ-133 હેઠળ જાહેર ન્યુસન્સ ઉભુ કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

નં.પી.આર.ઓ/135/2018-19
તા. 11/06/2018

કમિશનર
સુરત મહાનગરપાલિકા